www.rmc.gov.in

# રાજકોટ મહાનગરપાલિકા
## ટાઉન પ્લાનીંગ શાખા,
શ્રી ઝવેરચંદ મેઘાણી ભવન, પૂર્વ ઝોન કચેરી, ટાઉન પ્લાનીંગ શાખા,
રાજમોતી ઓઈલ મીલ સામે, ભાવનગર રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૩

રા.મ્યુ.કો./ટી.પી./ઈ.ઝો./જા.નં.૪૩૫૯ તા.૨૧/૦૩/૨૦૨૫

પ્રતિ,
દર્શીત રામજીલાલ પાંભર,
શ્રી રાજ ખોડલ રેસીડેન્સી, ભગવતી પરા મેઈન રોડ, રાજકોટ,
રાજકોટ.

**વિષય :-** વોર્ડ નં.4 માં શ્રી રાજ ખોડલ રેસીડેન્સી, ભગવતી પરા મેઈન રોડ, રાજકોટ સ્થળે આપશ્રી દર્શીત રામજીલાલ પાંભર દ્વારા કરવામાં આવેલ અન-અધિકૃત બાંધકામ બાબત.

**સંદર્ભ :-**
૧ રા.મ.ન.પા./ટા.પ્લાં/ઈ.ઝો./નં.૧૦૦ તા.૨૧/૦૮/૨૦૨૪ થી આપેલ ૨૬૦ (૧) ની નોટીસ.
૨ રા.મ.ન.પા./ટા.પ્લાં/ઈ.ઝો./જા.નં.૩૯, તા.૦૯/૦૯/૨૦૨૪ થી આપેલ ૨૬૦ (૨) ની નોટીસ.

ઉપરોક્ત વિષય અન્વયેના સ્થળે આપના દ્વારા કરવામાં આવેલ અન-અધિકૃત બાંધકામને દુર કરવા અર્થે અત્રેથી સંદર્ભ ક્રમાંક (૧) થી કલમ-૨૬૦ (૧) હેઠળ નોટીસ પાઠવેલ. ત્યારબાદ અત્રેથી સંદર્ભ ક્રમાંક (૨) થી કલમ-૨૬૦ (૨) હેઠળ નોટીસ પાઠવવામાં આવેલ. પરંતુ આપના દ્વારા સ્થાનિકે કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ હજુ સુધી દુર કરેલ ન હોય, તેમજ હાલમાં ડિમોલીશન કામગીરી અન્વયે નામદાર સુપ્રિમકોર્ટની માર્ગદર્શીકા અનુસાર હિયરીંગ કરવા માટે જણાવેલ હોય, જે અન્વયે તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ નીચે દર્શાવેલ સ્થળ તથા સમયે આજ્ઞાનુસાર આપશ્રી અથવા આપના પ્રતિનિધિને માલિકી તેમજ બાંધકામની મંજૂરી અંગેના દસ્તાવેજો જેમ કે રજીસ્ટર વેંચાણ દસ્તાવેજ, રેવન્યુ રેકર્ડ, મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાન, વિકાસ પરવાનગી, ભોગવટા પરવાનગી વિગેરે તેમજ આપની કક્ષાએથી રજુ કરવા પાત્ર થતાં અન્ય આનુષાંગિક દસ્તાવેજો સાથે હાજર રહેવા આથી આપને જાણ કરવામાં આવે છે. જેમાં હાજર રહેવામાં કસુર થયે આપને કશુ કહેવાનું રહેતું નથી. તેમ માની અત્રેથી નીયમોનુસારની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આપની આ મિલ્કતમા કોઈપણ પ્રકારનો અકસ્માત થયે જાનમાલની નુકશાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી આપના શીરે રહેશે. જેની ગંભીર નોંધ લઈ વિદિત થશો.

આસી. ટાઉન પ્લાનર
રાજકોટ મહાનગરપાલિકા

**હિયરીંગ સ્થળ :-**
સીટી એન્જીનીયરશ્રી સમક્ષ, ટાઉન પ્લાનીંગ શાખા, પુર્વ ઝોન, રૂમ નં.૫
રાજકોટ મહાનગરપાલિકા, તા.૨૫/૦૩/૨૦૨૫ , સમય : ૧૧:૦૦ થી ૦૨ :૦૦ કલાકે.

**નકલ જાણ અર્થે સાદર રવાના :-**
૧. નોડલ ઓફિસરશ્રી, કલેકટર કચેરી, (સુપ્રીમ કોર્ટના હુકમ અન્વયે-ઈ-મેઈલ મારફત.)
૨. સીટી એન્જીનીયરશ્રી, પુર્વ ઝોન.

પરશોત્તમભાઈ ગમનભાઈ ઝાલાવડીયા



C:\Users\admin\Desktop\260-1-2 NOTICE DATA...

Scanned with OKEN Scanner

www.rmc.gov.in

# રાજકોટ મહાનગરપાલિકા

## ટાઉન પ્લાનીંગ શાખા,

શ્રી ઝવેરચંદ મેઘાણી ભવન, પૂર્વ ઝોન કચેરી, ટાઉન પ્લાનીંગ શાખા,
રાજમોતી ઓઈલ મીલ સામે, ભાવનગર રોડ, રાજકોટ–૩૬૦૦૦૩

રા.મ્યુ.કો./ટી.પી./ઈ.ઝોન/જા.નં. : 77.....

તા.9../04/૨૦૨૫

**નામદાર સુપ્રિમ કોર્ટના હુકમ અન્વયેનો સ્પીકીંગ ઓર્ડર**

તમો શ્રી દર્શીત રામજીભાઈ પાંભર સરનામુ: શ્રી રાજ ખોડલ રેસીડેન્સી ભગવતી પરા મેઈન રોડ રાજકોટ વોર્ડ નં.૦૪ ની તમારા કબ્જાની જમીન ઉપર કરેલ ગેરકાયદેસર બાંધકામ અન્વયે તમોને જી.પી.એમ.સી. એકટની કલમ-૨૬૦ (૧) મુજબની નોટીસ/મનાઈ હુકમ નં.૧૦૦/૧૦૧, તા.૨૧/૦૮/૨૦૨૪ થી આપેલ. તેમજ સદરહું ગેરકાયદેસર બાંધકામ દુર કરવા સબબ અત્રેથી રા.મ્યુ.કો./ટી.પી./ઈ.ઝો./જા.નં.૩૯, તા.૦૯/૦૯/૨૦૨૪ થી કલમ ૨૬૦ (૨) નો હુકમ આપવામાં આવેલ.

ત્યારબાદ સુપ્રીમકોર્ટની માર્ગદર્શિકા અનુસાર હિયરીંગ કરવાનું થતુ હોય, અત્રેના જા.નં.૪૩૫૯, તા.૨૧/૦૩/૨૦૨૫ ના પત્રથી આપને જાણ કરી તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ હિયરીંગ રાખવામાં આવેલ. જે અન્વયે આપના દ્વારા કોઈ લેખીત કે મૌખીક રજૂઆત આવેલ નથી જેથી આપને કશું કહેવાનું રહેતું નથી

ઉપરોક્ત સ્થળે તમોએ પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ પ્લાનથી વિરુધ્ધનું બાંધકામ કરેલ હોય જે ગેરકાયદેસર તથા નિયમ વિરુધનું હોય. નામદાર સુપ્રીમ કોર્ટના હુકમ અન્વયે સવાલવાળુ આંશીક અન-અધિકૃત બાંધકામ તોડી પાડવાનો હુકમ કરું છું. આ હુકમનો અમલ કરવા તમો આસામીશ્રી/કબજેદારને દિવસ-૧૫ નો સમય આપું છું. સમય મર્યાદા વિત્યે સવાલવાળુ બાંધકામ આપના જોખમે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દુર કરવામાં આવશે. તેમજ સદરહું મિલ્કતમાં કોઈ અકસ્માત કે દુર્ઘટના થયેથી જાન/માલની નુકશાની થશે, તો તેની સંપૂર્ણ જવાબદારી આપના શીરે રહેશે. જેની ગંભીર નોંધ લેશો.

સીટી એન્જીનીયર
રાજકોટ મહાનગરપાલિકા

**નકલ જાણ અર્થે સાદર રવાના :-**

૧. નોડલ ઓફિસરશ્રી, કલેક્ટર કચેરી, (સુપ્રીમ કોર્ટના હુકમ અન્વયે-ઈ-મેઈલ મારફત.)

પોતાના મનાવ્યા છે.

Scanned with OKEN Scanner